**ફોજદારી કેસ નં. ૩૭૬/૧૯**

**–: આંક–૧ લગત હુકમ :–**

**૧.** આ કામે આરોપી સામે પ્રોહીબીશન ફરીયાદ દાખલ થતા, તપાસના અંતે ચાર્જશીટ રજુ કરવામાં આવતા, આ કામે લાંબા સમયથી ફરીયાદપક્ષ/પોલીસ આરોપી સામેના પ્રોસેસની બજવણી કરવામાં નિષ્ફળ ગયેલ છે, જેના કારણે કેસની આગળની કાર્યવાહી થઈ શકતી નથી.

આ કેસ લાંબા સમયથી ડોરમેન્ટ કેસ તરીકે પડતર છે. ડોરમેન્ટ કેસો બાબતે ના. હાઈકોર્ટ ધ્વારા ઘણા પરિપત્રો/આદેશ જાહેર કરવામાં આવેલ છે. જેમાં તા.૨/૮/૧૬,૧૮/૫/૧૭,૩૦/૫/૧૭,૧૭/૧૧/૧૭,૨૭/૧૨/૧૭ તથા ખાસ કરી તા.૩/૮/૧૮નો રોજનો પત્ર જેનો ક્રિમી.મેન્યુઅલ ૨૧૧(૧),૩૬૩(૮),૩૬૩(૯) તથા ચેપ્ટર ૩૨ ના પેરા–૭(૧)(૨)(૩) ની જોગવાઈ મુજબના કોઈપણ ક્રિમિનલ સદર પત્રમાં જણાવેલ સંજોગોમાં ડોરમેન્ટ ફાઈ પર મુકવા જણાવેલ છે. આ ડોરમેન્ટ કેસો બાબતે સરકારશ્રી ધ્વારા તા.૧/૧/૨૦૦૧ ફપખ–૩૨૭૯–૪૯૨૯–ભાગ–૩–ન. તથા તા.૧૩/૭/૨૦૧૬ના ફપખ–૩૨૭૯–૪૯૨૯–ભાગ–૩–ન. બહાર પાડી તેમના જણાવ્યા મુજબના કેસો એપીપીશ્રી તથા જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી ધ્વારા પરત ખેચવા કાર્યવાહી કરવા જણાવેલ, જેમાં ત્રણ વર્ષ ઉપરાંત પેન્ડીંગ પ્રોહીબીશનના કેસોનો સમાવેશ કરેલ છે. જે તે સમયે પ્રોહીબીશનના કેસોમાં તે સમયના સંજોગો જોતા રૂા.૫૦૦૦/– ની મર્યાદા દર્શાવેલ, ત્યારબાદ સને ૨૦૧૬માં રૂા.૧૦૦૦૦/–ની મર્યાદા કરવામાં આવેલ, પરંતુ સંજોગો જોતા છેલ્લા ૫ વર્ષમાં પ્રોહીબીશન કેસોની સંખ્યા વધવા પામેલ છે. જેથી હાલમાં નામદાર સરકારશ્રી ગૃહ વિભાગ ધ્વારા તા.૧/૮/૧૯ના રોજ બહાર પાડેલ પરિપત્ર ક્રમાંક : ફપખ/૩૨૭૯/૪૯૨૯/ભાગ–૪/ન ધ્વારા ના. રાજય સરકાર ધ્વારા આ ડોરમેન્ટ કેસોની વધતી સંખ્યા ધ્યાને લઈ તે અંગે અસરકારક પગલા લેવા તથા વધતી સંખ્યામાં ઘટાડો કરી શકાય તે માટે બહાર પાડવામાં આવેલ સુચના અંગેના આમુખ–૨ના પરિપત્રમાં સુધારો કરવા નિર્ણય કરી તા.૧૩/૭/૨૦૧૬ના પરિપત્રમાં રૂા.૫૦૦૦/– સુધીના પ્રોહીબીશનના કેસોના બદલે રૂા.૧૦૦૦૦/– સુધીના કેસો મુજબનો સુધારો કરવામાં આવેલ છે. જે ધ્યાને લેતા આ કેસોને સરકારશ્રીએ નજીવા ગુનાના કે સમરી ટ્રાયલ કેસોની કેટેગરીમાં સમાવેશ કરવા પ્રત્યક્ષ રીતે સમાવેશ કર્યાનું કહી શકાય. આ કેસમાં સ્પષ્ટપણે માનવાને કારણ જણાય છે કે, તે **ત્રણ** વર્ષ ઉપરાંતથી પેન્ડીંગ છે. રૂા.૧૦૦૦૦/–થી ઓછી કિંમતના મુદ્દામાલનો કેસ છે. આ કેસમાં સરકારશ્રી ધ્વારા વીડ્રો થવાને પાત્ર કેસોમાં પડતા હોવા છતાં તેને પરત ખેચાયેલ નથી. આ કેસમાં તહોમતનામાના આક્ષેપો ધ્યાને લેતા તે ગુનાને સમરી કે સમન્સ ટ્રાયેબલ કેસના વ્યાપમાં ના. રાજય સરકારના પરિપત્રથી પડતો હોવાનું કહી શકાય. વળી આરોપી–ફરીયાદીને સમન્સ/વોરન્ટ કરતા લાંબા સમયથી મળી આવતા નથી, કે નજીકના ભવિષ્યમાં પણ મળી આવે તેમ જણાતું નથી.

**૨.** ગુજરાત સ્ટેટ લીગલ સર્વીસીસ ઑથૉરીટીએ પરીપત્ર ધ્વારા સ્પેશીયલ સીટીગ્સનુ આયોજન કરી, કેસોનો નિકાલ કરવાનું જણાવવામાં આવેલ છે. આ તબકકે ફોજદારી કાર્યરીતિ સંહિતા કલમઃ૨૫૮ વંચાણે લેવી જરુરી છે. જે નીચે મુજબ છે.

**<u>કલમ :– ૨૫૮, કેટલાંક કેસમાં કાર્યવાહી બંધ કરવાની સત્તા.</u>**

**ફરિયાદ પરથી દાખલ થયેલા હોય** તે સિવાયનાં કોઈ **સમન્સ–કેસ**માં પ્રથમ વગના મેજિસ્ટ્રેટ અથવા ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટની પુર્વમંજુરી થી અન્ય કોઈ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ, ચુકાદો ઘોષિત કર્યા સિવાય તેનાં કારણો નોંધીને **કોઈ પણ તબકકે કાર્યવાહી બંધ રાખી શકશે** તથા મુખ્ય સાહેદોનો પુરાવો નોંઘ્યા બાદ આવી કાર્યવાહી બંધ રાખવામાં આવી હોય, તો નિર્દોષ ઠરાવી મુકત કરતો ચુકાદો ઘોષિત કરી શકશે તથા અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મૂકશે તથા આવા છૂટકારાથી બિનતહોમતે મકત કરવામાં આવે, તેવી અસર થશે.

**૩.** આમ, આ કલમ વંચાણે લેતાં, સ્પષ્ટ છે કે, ફરિયાદ પરથી દાખલ થયેલાં હોય, તે સિવાયનાં કોઈ સમન્સ કેસમાં આ અદાલતને ચુકાદો ઘોષિત કર્યા સિવાય તેનાં કારણો નોંધીને કોઈ પણ તબકકે કાર્યવાહી બંધ રાખી શકવાની સત્તા આપવામાં આવેલ છે. વધુમાં જો મુખ્ય સાહેદોનો પુરાવો નોંઘ્યા બાદ કાર્યવાહી બંધ રાખવામાં આવે, તો આરોપીને નિર્દોષ ઠરાવી, મુકત કરવો જોઈશે અને જો અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મૂકશે અને આવા છૂટકારાથી બિન–તહોમત મુકત કરવામાં આવે, એવી અસર થશે. આ કલમ પરથી એ પણ સ્પષ્ટ થાય છે કે, જયારે મુખ્ય સાહેદનો પુરાવો લેવાયો ન હોય, તો આરોપીને મુકત કરવામાં આવે, ત્યારે બિન–તહોમત મુકત કરવામાં આવ્યા હોય, તેવી અસર થાય છે અને તે કારણે આરોપી સામે ભવિષ્યમાં નવેસરથી કાર્યવાહી આગળ ચલાવી શકાય અને ત્યારે આરોપી સામે ફોજદારી કાર્યરીતી અધિનિયમ કલમ–૩૦૦ (૧) અને (૫) નો બાધ આવશે નહિ. વધુમાં આ કલમથી અદાલતને પ્રોસીડીગ રિવાઈવ કરવાની પણ સત્તા આપવામાં આવેલ છે.

**૪.** આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઈ તેમજ વર્તમાન આરોપીઓ સામેનું સમગ્ર ચાર્જશીટ ઘ્યાને લેતાં સમન્સ ટ્રાયેબલ ગુનાનો આક્ષેપ છે. હાલનાં કેસની ઈન્સાફી કાર્યવાહી, ફરિયાદ કલમ–૨ (ઘ) પર થી શરૂ થયેલ નથી. રેકર્ડ જોતાં, આરોપીને પ્રોસેસ કરતા આરોપી જણાવેલ સરનામે

મળી ન આવતા હોય કે નજીકના ભવિષ્યમાં મળી આવે તેમ જણાતુ ન હોય કેસનું ભારણ બીનજરુરી રીતે કોર્ટને કહેતુ હોય, પ્રોસેસ વગર બજે પરત આવેલ છે. એવા સંજોગોમા હાલનાં કેસની ઈન્સાફી કાર્યવાહી કાયદા મુજબ આગળ ચલાવવી ન્યાયનાં હિતમાં ઉચિત જણાતી ન હોઈ, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુ ક મ :–</u>**

➔ હાલનાં કેસની ઈન્સાફી કાર્યવાહી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૫૮ હેઠળ બંધ રાખી, આરોપીને છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

➔ મુદ્દામાલ દેશી દારુનો અપીલ સમય બાદ નાશ કરવો.

➔ મુદ્દામાલ રોકડ રકમ હોય તો તે જપ્ત કરી, અપીલ સમય બાદ સરકાર ખાતે જમા કરવી.

➔ પોલીસે કબજે કરેલ મુદ્દામાલ વાહન અંગે જો અગાઉ હુકમ કરી વચગાળાની કસ્ટડી તેના અરજદારને સોંપવામા આવી હોય તો તે હુકમ કાયમ રાખવામા આવે છે અને જો આવો કોઈ હુકમ ન થયો હોય તો મુદ્દામાલ વાહન તેના રજીસ્ટર્ડ માલીકને આર.સી.બુકની નકલ રજુ કર્યેથી ઓળખની ખાત્રી કરી પરત આપવુ. અન્યથા વાહનને આ કોર્ટની પરવાનગી લઈ જાહેર હરાજીથી વેચાણ કરી તેની ઉપજ સરકાર જમા કરવી.

➔ બીનકીમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

➔ જો આરોપીની રોકડ જામીનગીરી જમા હોય તો અપીલ સમય બાદ સરકાર ખાલસા કરવી.

આજ રોજ ખુલ્લી અદાલતમાં હુકમ જાહેર કર્યો.

તારીખ : ૧૨/ ૦૩/૨૦૨૨

મુકામ : અમદાવાદ.

( અતુલકુમાર.આર.પટેલ)
ઍડિશનલ ચીફ મૅટ્રોપોલીટન મૅજિસ્ટ્રેટ,
કૉર્ટ નં.૨૫, અમદાવાદ.
કોડ નં. જીજે–૦૦૭૧૦.